## ચૂંટણી ચોતરેથી

● ઉમેદવારીપત્ર ભરવાના બીજા દિવસે ગુરૂવારે વધુ છ ઉમેદવારીપત્રો ભરાયા છે.

● ગીર-સોમનાથની તલાલા બેઠક પર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે ભાજમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● અમદાવાદના વસ્ત્રાલ ગામે પાટીદાર નેતા નચીકેત મુખીની કાર પર ભાજપના કાર્યકરો દ્વારા હૂમલો કરાયો હતો.

● કોંગ્રેસના નેતા સચીન પાયલોટ રાજકોટ ખાતે કોંગ્રેસના યુવા કાર્યકરોને અસરકારક સંબોધન કર્યું હતું.

● કોંગ્રેસના પ્રદેશ નેતા વિજય કેલ્લાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ. ૧૭મીએ ભાજપમાં જોડાશે.

● મહેસાણામાં કેન્દ્રિય મંત્રી પી.પી. ચૌધરીની ઉપસ્થિતિમાં યુવક કોંગ્રેસના ૫૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા.

● પ્રદેશ કોંગ્રેસના વિચાર વિભાગની અગત્યની બેઠક મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા ગીરીજાબેન વ્યાસની અધ્યક્ષતામાં યોજાશે.

● કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદ ગુજરાતના પ્રવાસે.

● મુખ્યમંત્રીના નેતૃત્વમાં ભાજપનું કોર ગૃપ દિલ્હી પહોંચ્યું.

● અલ્પેશ ઠાકોર રાધનપુર કે વિરમગામથી ચૂંટણી લડશે.

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૮મીએ ગુજરાતમાં ચૂંટણી પ્રવાસ કરે એવી સંભાવના.

● સીડીકાંડ બાદ પણ બુધવારે સાંજે હાર્દિક પટેલની સભામાં દસ હજારથી વધુ પાટીદારો ઉમટ્યા હતા.

# હાર્દિક હું તારી સાથે છું, ગુજરાતમાં ભાજપની ઘેટી ભરાઈ છે : જિગ્નેશ મેવાણી

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલની કથિત બે સેક્સ સીડી બહાર આવતા હવે દલિત સમાજનાં નેતા જીગ્નેશ મેવાણીએ હાર્દિક પટેલને સમર્થન આપી ભાજપ પર આકરી ટીકા કરી છે. જીગ્નેશ મેવાણીએ પત્ર લખી હાર્દિકને કહ્યું છે કે હું અને હજારો દલિત યુવાનો હાર્દિકની સાથે છીએ. હાર્દિકે જે કાંઇ કર્યું છે તે તેની અંગત બાબત છે. હાર્દિક ગંદા રાજકારણનો ભોગ બન્યો છે.

જીગ્નેશ મેવાણીએ હાર્દિકને લખેલ પત્ર નીચે પ્રમાણે છે

હાર્દિક પટેલે ઘણાં સમય અગાઉ કહેલું એમ એક ષડયંત્રના ભાગરુપ તેની એકપછી એક કહેવાતી સેક્સ સીડીઓ બહાર આવી રહી છે. આજે ગુજરાત ભાજપની જે પ્રકારે ઘેટી ભરાઈ છે તે જોતાં આ પ્રકારની સેક્સ-સીડી બહાર આવે તો આપણને કોઈ આશ્ચર્ય થવું જોઈએ નહીં. અને સારું જ છે કે ભાજપ ધારતું હતું એટલો હોબાળો ના થયો. પટેલ




સમાજ હાર્દિક સાથે અડિખમ છે. પરંતુ, રાજનીતિ કઈ હદે નીચલા સ્તર ઉપર જઈ શકે છે એનો આ એક આંખ ઉઘાડી દેનારો દાખલો છે. ફક્ત ૨૪ વર્ષના યુવાનના અવાજને દબાવી દેવા આખું તંત્ર કામે લાગે અને તેને રાજદ્રોહનો આરોપી બનાવવાથી લઈને તેની સેક્સ સીડી બહાર પડવાના ષડયંત્રો કરવા પડે તે હાર્દિકના નહીં પણ હાર્દિકના વિરોધીઓના ચરિત્ર વિશે ઘણું કહી જાય છે. માત્ર પાટીદાર સમાજ નહીં, ગુજરાતની સાડા ૬ કરોડ જનતા જાણે છે કે આ પ્રકારના કાવતરાનો સીધો લાભ કોને મળી શકે. આપણી જનતા સેક્સ જેવા વિષયના મામલે અત્યંત નાજુક વલણ ધરાવે છે. જાહેર જીવનમાં વ્યકિતના અંગત જીવનને ઘસેડવું જરીક પણ ઉચિત નથી. બે પુખ્ત વયના સ્ત્રી -પુરુષો કે યુવાન - યુવતીઓ પરસ્પરની સહમતીથી સેક્સ માણે એમાં દુનિયાના ત્રીજા કોઈ વ્યક્તિની દાખલગીરી ના હોઈ શકે આવી પાયાની સમજ વિદેશોમાં શાળા જીવન દરમિયાન જ કેળવાઈ જતી હોય છે. પરંતુ, જે દેશે કામસૂત્ર આપ્યું તે દેશ આજે સેક્સ શબ્દના પ્રયોગ માત્રથી ભડકી ઉઠે છે. હું સ્પષ્ટપણે માનું છું કે આ તમામ સેક્સ વિડિઓમાં જે દેખાય છે તે વ્યક્તિ હાર્દિક પટેલ નથી. મારી શુદ્ધ જાણકારી અને સમજ મુજબ આ વીડિયોને એક ષડયંત્રના ભાગરૂપ તૈયાર કરવામાં આવ્યો છે. પણ દલીલ ખાતર માનવામાં આવે કે આ વીડિયોમાં જે દેખાય છે તે હાર્દિક પટેલ જ છે તો પણ આપણે શી પંચાત ? આપણે નિસ્બત હોવી જોઈએ ગુજરાતના ૫૦ લાખ એ નાગરીકો માટે જેની પાસે રોજગાર નથી, જે બાળકો કુપોષિત છે તે મુદ્દે, જીએસટી અને નોટબંધીની મારનો ભોગ બનેલા લોકો વિશે અને આ લોક વિરોધી વિકાસ મોડેલ વિશે.

ચૂંટણી સમયે સરકારને પાસે



૫ વરસનો હિસાબ માંગવાનો હોય. ચર્ચા એ મુદ્દે કરવાની હોય કે ગઈ વિધાનસભાની ચૂંટણીમાં જે ૫૦ લાખ મકાનો બાંધવાનું જે વચન આપ્યું હતું તેનું શું થયું? શું થયું બેરોજગાર યુવાનોને દર વર્ષે ૨ કરોડ રોજગાર આપવાના વચનનું. પણ આપણને હાર્દિક પટેલની તથાકથિત સેક્સ સિડીમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. કોઈ એક વ્યકિતના અંગત જીવનને આ સ્વરૂપે જાહેરમાં બહાર લાવી આ દેશને શુ હાંસલ થશે? અને હાર્દિકના આ કહેવાતા વીડીઓમાં જે બહેન દેખાય છે એની ગરિમાનું શું? રાજનીતિ ખાતર આ વિડિઓમાં દેખાતા કોઈ મહિલાની આહુતિ શા માટે લેવાવી જોઈએ.

કલ્પના કરો કે આપણા પરીવારની કોઈ મહિલાની અંગત પળોને આ રીતે જાહેર કરવામાં આવે તો! શુ આજ છે ગુજરાતની અસ્મિતા અને ગુજરાતનું ગૌરવ! આ પ્રકારના વિડિઓકાંડથી હાર્દિક પટેલની નહીં ગુજરાતની બદનામી થાય છે. હું આ લખી રહ્યો છું ત્યારે દિલ્હીમાં છું. અહીં લોકો આપણી પર હસી રહ્યા છે કે તમે લોકો ગુજરાતના સાડા ૬ કરોડ લોકોના પાયાના સવાલોની ચર્ચાને બદલે કોઈ વ્યક્તિના સેક્સ વિડીઓમાં ક્યાં પડ્યા! અગાઉ કહ્યું એમ ચૂંટણી સમયે મુદ્દો હોવો જોઈએ કે ભાજપના ૨૦૧૨ના મેનિફેસ્ટોમાંથી કયા વચનો પાળવામાં આવ્યા, નહીં કે કોઈની સેક્સ લાઈફ. જ્યાં સુધી કોઈપણ મહિલા દ્વારા જાતીય સતામણી કે જાતીય શોષણની ફરિયાદ ના હોય ત્યાં સુધી બે પુખ્ત વ્યક્તિઓ વચ્ચે સહમતિથી બંધાતા સંબંધમાં કોઈ ને પણ આપત્તિ ના હોવી જોઈએ. બલ્કે, ખરું જોતાં તો જે પણ લોકો એ આ વિડિઓ બનાવી તેને જાહેર કરી કોઈના રાઈટ ટુ પ્રાઈવસીનો ભંગ કરી ગંભીર પ્રકારનો ગુનો આચર્યો છે.



## તલાલામાં ભાજપમાં બળવો

ગુજરાતમાં ચૂંટણી હવે ખૂબ નજીક છે, ૧૪ નવેમ્બર અને મંગળવારથી ચૂંટણી માટે ઉમેદવારીની પ્રક્રિયા પણ શરૂ થઇ ગઇ છે. ભાજપ કે કોંગ્રેસ તરફથી હજુ પોતાના ઉમેદવારોના નામની યાદી જાહેર કરવામાં આવી નથી. એવામાં ગીર સોમનાથના તાલાલા બેઠક માટે ભાજપના બાબુભાઇ પરમારે અપક્ષ ઉમેદવારી નોંધાવતા વિવાદ થયો છે. બાબુભાઈ પરમાર ભાજપના જિલ્લા પંચાયતના ઉપ-પ્રમુખ છે. આ સાથે જ રાજ્યમાં ભાજપ પક્ષનો આંતરિક વિખવાદ સપાટીએ આવ્યો છે. તાલાલાના ભાજપના સ્થાનિક આગેવાનોની માંગણીઓ ન સ્વીકારાતા આ નિર્ણય લેવાયો છે. જિલ્લા ભાજપના મહામંત્રી સહિત ૧૨ દાવેદારો અપક્ષમાં જોડાયા છે. એક તરફ ભાજપના હાઈકમાન્ડ ઉમેદવારોની યાદીની ચર્ચામાં વ્યસ્ત છે, એવામાં આ નવો વિવાદ સામે આવતા હવે ભાજપના મોવડી મંડળમાં આ અપક્ષમાં ફોર્મ ભરનાર અંગે ચર્ચા થઇ રહી છે.

# અલ્પેશ ઠાકોર-હાર્દિકના કોંગ્રેસ તરફી સંકતો બાદ ભાજપે બદલી રણનીતિ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં યુવા આંદોલનકારી નેતા અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલના કોંગ્રેસ તરફી સંકેતો જોવા મળી રહ્યા છે. તે જોતા ભાજપે સામાજીક સમીકરણની રણનીતીમાં સુધારો કર્યો છે. બે સમાજના મતદારોનું ગાબડુ પુરવા ભાજપે અન્ય તમામ સમાજના આગેવાનોને ખેંચવા મથામણ શરૂ કરી છે. નાના સમાજના પ્રમુખ-મંત્રીને રૂબરુ મળી ભાજપને વોટ આપવા જણાવવામાં આવી રહ્યું છે. અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાયા છે જયારે હાર્દિક પટેલ ભાજપ વિરોધી બન્યા છે. આવી પરિસ્થિતિમાં પરંપરાગત ઠાકોર અને પાટીદાર મતદારો સાથે સાથે નાના સમાજ ઉપર ભાજપે મીટ માંડી છે. ડોર ટુ ડોર પ્રચારની સાથે ભાજપના નેતાઓ જે તે બેઠક ઉપરના નાના સમાજના આગેવાનોને મળી ચર્ચા કરી રહ્યા છે. સુત્રો અનુસાર પાટીદાર અને ઠાકોર મતદારો સાથે સાથે પ્રજાપતિ, દેવીપૂજક, દલિત, રબારી, ભરવાડ, પંચાલ, સુથાર, દરજી, બ્રાહ્મણ, દરબાર, ચૌધરી સહિત વિવિધ સમાજના પ્રમુખ અને મંત્રીઓને મળે છે.

## એક ખરાબ કેન્ડિડેટ પાંચ વર્ષ નિભાવવો પડશે સ્વચ્છ છબી અને પ્રામાણિકતા આપણને જોઈએ

### પાર્ટી ના સમજે તો કંઇ નહીં, આપણે જ આપણો મત આપવાનો છે, પસંદ આપણી

ગુજરાતમાં જ્યાં સુધી સ્વચ્છ અને પ્રામાણિક લોકો ચૂંટણીમાં નહીં આવે ત્યાં સુધી ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારો મેદામાં ઉભા રહેશે અને સાડા છ કરોડ નાગરિકો પર હકૂમત કરશે. ચૂંટણીમાં મતો મેળવવા માટે સામ, દામ, દંડ અને ભેદ એમ ચારેય પ્રયોગ અજમાવી ગુનાહિત ભૂતકાળ ધરાવતા અને ધનવાન લોકો ચૂંટણી જીતી જાય છે. ભારતનું ચૂંટણી પંચ સ્વચ્છ, ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી યોજવાના પ્રયાસો કરે છે પરંતુ રાજકીય પાર્ટીઓ તેમનો ગોલ સિદ્ધ કરવા માટે લોકો પર ડર અને ધાક જમાવીને મતો મેળવનારા તત્વોનો સહારો લેતી હોય છે.

ભારતમાં રાજકીય પક્ષ ઉભો કરવા માટે કોઇ લાયકાતની જરૂરિયાત નથી. દેશની ૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસના અનેક ભાગલા થયા છે અને અલગ અલગ પાર્ટીઓ બની છે. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ભારત અનેક રાજકીય પક્ષો ધરાવતો પક્ષ છે. ખુદ ચૂંટણીપંચ કહે છે કે, ભારતમાં ૧૯૦૦ જેટલા રાજકીય પક્ષો નોંધાયેલા છે. તેમાં ૪૦૦ પક્ષો એવા છે કે, તેઓ કદીયે કોઈ ચૂંટણી લડયા નથી. હકીકતમાં ચૂંટણી પ્રક્રિયા એક પડકારજનક રોલમાં આવી છે. જે પાર્ટીઓ માત્ર મનીમાઈન્ડેડ છે તેવી પાર્ટીઓને શોધીને દૂર કરવાનો સમય આવી ગયો છે. આવા રાજકીય પક્ષોની લેવડદેવડ ઉપરાંત તેમની ગતિવિધિઓની પણ ઊંડાણથી તપાસ થવી જરૂરી છે.




આપણા દેશમાં એવા લોકોની કમી નથી કે જેઓ માત્ર તેમના અંગત સ્વાર્થ માટે રાજકીય પક્ષો બનાવે છે અને વિવિધ રીતે તેનો લાભ ઉઠાવે છે. આવી પોલિટિકલ પાર્ટીઓની દેશને જરૂર નથી. તેમનું રજિસ્ટ્રેશન તાત્કાલિક અસરથી રદ થવું જોઈએ, પરંતુ આમ કરવું આસાન નથી. તેમાં કાનૂની અને બંધારણીય મુદ્દાઓ પણ સામે આવી શકે છે. કેટલાક નિષ્ણાતો કહે છે કે, કોઈ પણ રાજકીય પક્ષને ચૂંટણી લડવા મજબૂર કરી શકાય નહીં. તેમનું એમ પણ કહેવું છે કે, રાજકીય પક્ષ બનાવવાનો એ અર્થ નથી કે તેમણે ચૂંટણી જ લડવી. એનો મતલબ એ છે કે, તેમની એક વિચારધારા હોય અને જનહિતની તેમને ચિંતા હોય.

આ સંજોગોમાં કેટલાક એવું માને છે કે, ભારતમાં પણ બ્રિટન કે અમેરિકાની જેમ બે કે ત્રણ રાજકીય પક્ષોની પ્રણાલી ઊભી કરવાની જરૂર છે, પરંતુ ભારતમાં એ શક્ય નથી. યથાયોગ્ય પણ નથી. માત્ર બે કે ત્રણ પાર્ટીઓને દેશ પર લાદી શકાય નહી. આપણા દેશમાં કોઈ પણ નાગરિકને રાજનૈતિક પક્ષ બનાવવાનો અધિકાર છે પરંતુ રાજકીય પાર્ટીઓએ તેમના ઉમેદવારોની પસંદગીના માપદંડ બદલવાની જરૂર છે.

છેલ્લા ઘણાં વર્ષોથી દેશના રાજકારણમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોએ પગપેસારો કરી લીધો છે. તેઓને રાષ્ટ્રીય પક્ષ ટિકિટ આપે છે અને તેમાંથી આશ્ચર્ય વચ્ચે ઘણાં જીતી પણ જાય છે. ડીસેમ્બરમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માટે ભાજપ અને કોંગ્રેસમાંથી ગુનાહિત રેકોર્ડ ધરાવતા ૨૦૦થી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે! તેઓને જેલમાં નહિ પરંતુ મહેલમાં રહેવું છે. આ વખતની ચૂંટણી વિશેષ કરીને સત્તાધારી ભાજપ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કેમ કે વડાપ્રધાન મોદી અને ભાજપનો ગઢ ગણાતા ગુજરાતના કાંગરા જો ખરવાનું ચાલુ થશે તો ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને પછડાટ મળી શકે તેમ છે.

#### ગુનાહિત ભૂતકાળ અને ભ્રષ્ટાચારી માઇન્ડ ગુજરાતને મોટું નુકશાન કરાવી શકે છે

અત્યારે ઉમેદવારો પસંદ કરવાની ઘડી છે ત્યારે બન્ને રાજકીય પાર્ટીઓએ સ્વચ્છ અને પ્રામાણિકતાને વધારે મહત્વ આપવાની જરૂર છે.

ગુજરાતમાં ભાજપ હાઇકમાન્ડ કોઇ ગલતી કરવા માગતું નથી. ઉમેદવાર ગમે તેવો હોય પરંતુ જો તે ચૂંટણી જીતી શકે તો પછી તેનું બેકગ્રાઉન્ડ જાણવામાં આવતું નથી. બીજી તરફ કોંગ્રેસનું હાઇકમાન્ડ પણ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તાના ખ્વાબ જોઈ રહ્યું છે. કોંગ્રેસ પણ ગુનાહિત ઉમેદવારોને પ્રાધાન્ય આપી રહી છે. બન્ને પક્ષના નેતાઓના દાવા છે કે તેઓ જ્ઞાતિ- જાતિ કે ધર્મને આધારે ચૂંટણી નહી લડે કે મત નહી માગે એટલું જ નહિ ભણેલા ગણેલા તેમજ સ્વચ્છ ઈમેજ ધરાવતા યુવાઓને જ ટિકિટ અપાશે.

આવી સ્થિતિમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, કચ્છ, જુનાગઢ, જામનગર, ખેડા, પંચમહાલ સહિત રાજ્યભરમાંથી એવા લોકોએ ટિકિટની માંગણી કરી છે કે જેમની સામે ગંભીર ગુના નોંધાયેલા છે. જેમાં મની લોન્ડરિંગ, સટ્ટાકાંડ, ખૂન, બળાત્કાર, લૂંટ, મારામારી, છેતરપિંડી વગેરે જેવા ગુનાઓમાં સંડોવાયેલા દાવેદારો છે. આમાંથી ઘણાની

#### જેલમાં રહેનારા મહેલના ખ્વાબ જુએ તે કેમ ચાલે, એમને તો સજા થવી જ જોઇએ

સામે પોલીસ કેસ થયેલા છે, તો કેટલાકની સામે કોર્ટ કેસ ચાલી રહ્યા છે. અમુક મુરતિયાઓને તો 'સજા' થયેલી છે. પરંતુ તેઓ ઉપલી કોર્ટમાં ગયેલા છે. આવો ગુનાહિત રેકર્ડ ધરાવતી વ્યક્તિને ભાજપ કે કોંગ્રેસ ટીકીટ આપશે તો વિધાનસભામાં ગુનાહિત માનસિકતા ધરાવતા ધારાસભ્યો ચૂંટાઇ આવશે જે સરવાળે બહુધા સમાજ માટે ખતરારૂપ છે.

શું ગુજરાતમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઉમેદવારો હોવા જોઈએ તેવો પ્રશ્ન કાર્યકરો અને આગેવાનો એકબીજાને પૂછી રહ્યા છે. વિકાસ, બેરોજગારી, મોંઘવારી જેવા મુદ્દા લઇને ચૂંટણી લડતા અને સારી છાપ ધરાવતા લોકોને જ ટિકિટ આપવાનો દાવો કરતા મુખ્ય પક્ષો કેટલા ગુનેગારોને ક્યાંથી લડાવે છે, કેટલા અપ્રમાણિક ઉમેદવારોને ટીકીટ આપે છે તે જોવું રસપ્રદ બનશે.

## પ્રથમ તબક્કાના મતદાન માટે કેન્દ્રીય નિરીક્ષકો- એસ. એસ. ટી.ની ટીમો કાર્યરત


ગાંધીનગર, તા. ૧૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા પ્રથમ તબક્કાના મતદાનના જિલ્લાઓમાં ૩૯ ખર્ચ નિરીક્ષકો અને ૫૬ સામાન્ય નિરીક્ષકો એમ કુલ ૯૫ નિરીક્ષકોની નિમણૂંક કરવામા આવી છે. તેઓ ઉમેદવારના ખર્ચ અને ચૂંટણીની અન્ય પ્રક્રિયા પર દેખરેખ રાખશે.

રાજ્યમાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે જાહેરનામાની તારીખ ૧૪ નવેમ્બર, ૨૦૧૭થી પ્રથમ તબક્કાના મતદાન માટે ૩૦૫ સ્ટેટીક સર્વેલન્સ ટીમ (SSTs) કાર્યાન્વિત કરવામાં આવી છે. રાજ્યભરમાં આવકવેરા વિભાગ દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ.૫૦ લાખની રોકડ અને રૂ. ૭.૩૩ કરોડનું સોનું અને ઝવેરાત જપ્ત કરવામાં આવ્યું છે.

# ઓ તારી ! ચૂંટણીપંચે કોંગ્રેસના આ નેતા વિશે શું કહ્યું ? ભાજપને નહિં જ ગમે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને આચારસહિંતા તો ક્યારનીય અમલી બનાવી દેવાયી છે. આ ઉપરાંત પણ ચૂંટણીપંચે કેટલાંક એવા દિશા સૂચનો કર્યા છે કે જેથી કરીને ભાજપના ભવાં ખેંચાય જશે. ચૂંટણીપંચે જે દિશા સૂચનો જાહેર કર્યા છે તે અંતર્ગત હવે ભાજપ કોંગ્રેસ આલા કમાન્ડ રાહુલ ગાંધીને પપ્પુ નહિં કહી શકે. આમ તો કોંગ્રેસના કહેવાતા પપ્પુએ આ ચૂંટણીમાં જે રીતે કમાન સંભાળી છે તે રીતે તો તેને પપ્પુ નહિં પણ પપ્પા કહેવું પડે તેમ છે. તેણે એકલેહાથે ભાજપને ગુજરાતમાં જે રીતે ધ્રુજાવી છે તે ચૂંટણીનું પરિણામ જે પણ આવે તેની નોંધ લેવી જ પડશે.





ભાજપ આ પહેલા અનેક વાર રાહુલ ગાંધીને પપ્પૂ કહેતી આવી છે. પણ હવે તે આવું નહીં કરી શકે. ભારતીય ચૂંટણી પંચે ભાજપ પર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોઇ પણ ઈલેક્ટ્રોનિક વિજ્ઞાપન વખતે પપ્પૂ શબ્દનો ઉપયોગ કરવા માટે પ્રતિબંધ લાદી દીધો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પપ્પૂ શબ્દનો ઉપયોગ કરીને રાહુલ ગાંધીની મજાક ઉડાવવામાં આવતી હતી. જો કે ચૂંટણી પંચે આ વાતને ગંભીરતાથી લીધી છે જેથી કરીને તે કોઇ વ્યક્તિ વિશેષ આ મામલે નિમિત્ત ના બને.

ભાજપના સુત્રોથી આ વાતની જાણકારી મળી છે કે ચૂંટણી પ્રચાર વખતે આ ખાસ નામનો ઉપયોગ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે તેમ જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગત મહિને ભાજપ દ્વારા કેટલીક જાહેરાતોની સ્ક્રિપ્ટ નિવાર્ચન આયોગની મીડિયા કમિટીને બતાવાઈ હતી. કમિટીએ સ્કિપ્ટના કેટલાંક શબ્દો અંગે આપત્તિ વ્યક્ત કરી હતી. સ્ક્રિપ્ટમાં રાહુલ ગાંધી પર ટિપ્પણી કરવા માટે પપ્પુ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે મીડિયા ટીમે પપ્પુ શબ્દને આપત્તિજનક કહી તેને જાહેરાતમાંથી દૂર કરવા માટે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પહેલા જે જાહેરાતો બહાર પાડવામાં આવે છે તેની સ્કિપ્ટ નિર્વાચન આયોગ સામે રાખવી પડે છે. અને તેમની મંજૂરી પછી જ આ પર જાહેરાત બને છે.



## મોડાસામાં વિરોધની મોસમ જામી

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીની જાહેરાત બાદ મોડાસામાં વિરોધની મોસમ જામી રહી છે. મોડાસા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા સરદાર પટેલના ડીએનએ હાર્દિક પટેલમાં છે તેવા નિવેદન બાદ શક્તિસિંહ ગોહિલ અને કોંગ્રેસના પૂતળા દહન થયુ હતુ. ચૂંટણી પહેલા મોડાસામાં પૂતળા દહન સાથે વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. તેમાં પોલીસની દોડાદોડી વધી ગઈ છે. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે હાર્દિક પટેલમાં સરદાર પટેલના ડીએનએ છે તેવા નિવેદન અને હાર્દિકની સીડી ફરતી થતા ભાજપ વિરોધ કરી રહ્યા છે અને મોડાસા ચાર રસ્તા સર્કલ પાસે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ભેગા થઈ કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલના પુતળાનું દહન કર્યું.

# ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ફટકો, વિજય કેલ્લાનું રાજીનામુ

રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય પક્ષો પૂરજોશથી પ્રચાર કરી રહ્યા છે. કોંગ્રેસના સિનિયર યુવા નેતા સચિન પાયલોટ ગુજરાતના પ્રવાસે છે તેવા સમયે વિધાનસભાની ચૂંટણી જીતવા પક્ષના વફાદાર કાર્યકરો પાર્ટી હાઈકમાન્ડને પોતાની નારાજગીનો સંદેશ પાઠવી રહ્યા છે.



વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસ રીલીફ કમિટીના ચેરમેન વિજય કેલ્લાએ રાજીનામું ધરી દેતા કોંગ્રેસની મુશ્કેલી વધી છે. વિજય કેલ્લાએ પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીને રાજીનામું મોકલી આપ્યું છે. વિધાનસભાની ચૂંટણી જીતવા માટે પક્ષના વફાદાર કાર્યકરોની અવગણના કરવામાં આવી હોવાનો આક્ષેપ વિજય કેલ્લાએ કર્યો છે.